# BUSINESS મિત્ર

### યુએસ નબળા જોબ ડેટા બાદ ફેડરેટમાં ઘટાડો થવાની અપેક્ષા: સેન્સેક્સ 261 પોઇન્ટ ઉછળ્યો

# શેરબજારમાં તેજીની હેટ્રિક

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 3: જુલાઇ સિરીઝની શરૂઆત સુધર્યા બાદ ભારતીય શેરબજારમાં સપ્તાહના અંતિમ દિવસે પણ સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે આજે નિફ્ટી 24250 પોઇન્ટના સ્તરની સપાટી કુદાવી દીધી હતી. બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. જ્યારે બ્રેન્ટ ક્રુડના ભાવમાં નજીવી વધઘટે સપાટ રહ્યા હતા.

મેક્રો ઈકોનોમી દ્રષ્ટિએ જોઇએ તો જુનમાં ભારતનું સર્વિસ સેક્ટર વિસ્તરણ મોડમાં રહ્યું હતું. જુનમાં ઘટીને 57.4 થયો હતો, જે મે મહિનામાં 59.8નો રહ્યો હતો. જે 17 મહિનામાં વિસ્તરણની સૌથી નબળી ગતિ દર્શાવે છે.

યુએસમાં અપેક્ષિત કરતા નબળા રોજગાર ડેટાએ નજીકના ગાળામાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવાની ચિંતા હળવી કરી છે. આનાથી ઉભરતા બજારોમાં જોખમ લેવાની તૈયારીમાં વધારો થયો છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર યુએસ લેબર ડિપાર્ટમેન્ટના બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સ કહે છે કે જુનમાં બિનફાર્મ પગારપત્રકમાં 57000 નોકરીઓનો વધારો થયો છે.

આજે પણ રિયલ્ટી અને આઈટી શેરોમાં ઝડપી જોવા મળી હતી. કરન્સી બજારમાં જોઇએ તો બેઉતરફી વધઘટે રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો.

બીએસઇ સેન્સેક્સ 261.79 પોઇન્ટ એટલે કે 0.34 ટકા વધઇને 77763.91 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78157 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77710 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 95.15 પોઇન્ટ એટલે કે 0.39 ટકા વધીને 24250 પોઇન્ટની સપાટી કુદાવીને 24270.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24378 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24252 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 93.15 પોઇન્ટ એટલે કે 0.16 ટકા ઘટીને 58000 પોઇન્ટની સપાટી તોડીને 57938.50 પોઇન્નટા સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે સુમીટોમો કેમિકલ્સમાં 16.83 ગણા, પીબી ફિનટેકમાં 14.48 ગણા, એજીસ વોપાક ટર્મીનલ્સમાં 5.9 ગણા, પોલી મેડિક્યરમાં 5.88 ગણા અને સીજી પાવરમાં 5.63 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સુમીટોમો કેમિકલ્સમાં 24.19 ગણા, પીબી ફિનટેકમાં 13.6 ગણા, ઝેન્સર ટેકનોમાં 9.36 ગણા, એજીસ વોપાક ટર્મિનલમાં 9.34 ગણા અને બજાજ હાઉસીંગ ફાઇ.માં 7.33 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો આઘળ વધ્યો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 0.25 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.09 ટકા વધ્યો છે. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2264 શેરો વધ્યા હતા, જ્યારે 1975 શેરો ઘટ્યા હતા અને 206 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટા ભાગના યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારો અપેક્ષિત કરતા નબળા યુએસ જોબ્સ ડેટાએ તેની આગામી નીતિ બેઠકમાં ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષાઓને મજબૂત બનાવ્યા હતા. દરમ્યાન પ્રાદેશિક વ્યાવસાયિક પ્રવૃત્તિના ગેજ જુનમાં સતત આર્થિક વિસ્તરણ તરફ ધ્યાન દોરે છે, જે સમગ્ર એશિયામાં રોકાણકારોની ભાવનાને ટેકો આપે છે. જાપાનની વાત કરીએ તો જાપાનનું સેવા ક્ષેત્ર પાછળ મહિનામાં અટકી ગયા પછી જુનમાં વિસ્તરણમાં પાછું ફર્યુ હતું. જોકે, મીડલ ઈસ્ટના તણાવ અને તીવ્ર ખર્ચના દબાણ અંગેની ચિંતાઓ વચ્ચે વ્યાવસાયિક વિશ્વાસ નબળો રહ્યો હતો, જાપાન સર્વિસીસ પીએમઆઇ ઇન્ડેક્સ જુનમાં વધીને 52.2 થયો હતો, જે મે મહિનામાં 50નો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.34 ટકા, કેક 0.02 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યો છે, જ્યારે ડેક્સ 0.43 ટકા સુધારા સાથે ચાલી રહ્યો છે. એશિયન બજારોમાં નીક્કી 1.31 ટકા, સ્ટ્રેઈટસ 0.52 ટકા, હેંગસેંગ 0.99 ટકા, તાઈવાન 0.08 ટકા, કોસ્પી 5.44 ટકા, જકાર્તા 2.23 ટકા અને શાંઘાઇ 0.36 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 18 પૈસા સુધરીને 95.22ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.40ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.43, પાઉન્ડ 126.94, કેનેડિયન ડોલર 67.04, ઓસ્ટ્રેલિયન ડોલર 65.69, જાપાનીઝ યેન 0.5909 અને સીંગાપોર ડોલર 73.80ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.22 રૂ. |
| યુરો | 109.43 રૂ. |
| પાઉન્ડ | 125.94 રૂ. |
| યેન | 0.5909 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 261.79 | 77763.91 |
| નિફ્ટી | 95.15 | 24270.85 |
| બેન્ક નિફ્ટી | -93.15 | 57938.50 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 5.65 | 1139.00 |
| મેક્સ હેલ્થકેર | 2.31 | 1153.40 |
| અપોલો હોસ્પિટલ | 2.27 | 8893.50 |
| બજાજ ફિનસર્વ | 2.15 | 1894.60 |
| ડો. રેડ્ડીઝ લેબ | 2.11 | 1374.10 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 1.50 | 1342.10 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.21 | 3136.90 |
| એસબીઆઇ | 1.10 | 1040.00 |
| લાર્સન-ટુબ્રો | 0.81 | 4026.60 |
| ટેક મહિન્દ્રા | 0.79 | 1410.10 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 5.79 | 1139.85 |
| બજાજ ફિનસર્વ | 2.13 | 1895.75 |
| ભારતી એરટેલ | 1.81 | 1910.10 |
| સન ફાર્મા | 1.77 | 1904.65 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.65 | 11725.00 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 1.56 | 1342.50 |
| એસબીઆઇ | 1.13 | 1039.90 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.11 | 3137.90 |
| લાર્સન-ટુબ્રો | 0.83 | 4026.80 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# ડોકટર્સને ચૂકવણીમાંથી T.D.S. પગાર તરીકે કરવો?

**કાયદાની કેડીએ...**
ઇશ્વર રૂદલાલ

કાયદા હેઠળ વિવિધ ચૂકવણીમાંથી TDS કરવાની જવાબદારી માલિકની હોય છે. અને ચૂકવણીની ગણતરી અલગ અલગ કલમો હેઠળ હોય તો કઇ કલમ હેઠળ ચૂકવણી કરવી એ વિવાદ હજૂ આજે પણ ઊભો છે.

**ડો. બાલાભાઈ નાણાંવટી હોસ્પિટલ**

બોમ્બે હાઇકોર્ટના આ કેઇસમાં કન્સલ્ટન્ટ અને માનદ (Honorary) ડોકટર્સને કરેલ ચૂકવણીમાંથી T.D.S કલમ - 194 J (કન્સલ્ટન્ટ તરીકે) હેઠળ કરવી કે કલમ - 192 (પગાર) મુજબ કરવીએ પ્રશ્ન ઉભો થયો. રેવન્યુની દલીલ એ હતી કે ચૂકવણીમાંથી T.D.S. પગાર તરીકે ગણીને કરવો.

**કમિશ્નર (અપીલ્સ)**

કમિશ્નર (અપીલ)એ નોંધ્યુ કે કરદાતા હોસ્પિટલે બે પ્રકારના ડોકટર્સની સેવા મેળવી છે. એક ફૂલ-ટાઇમ અને બીજા કન્સલ્ટન્ટ ડોકટર્સ હોસ્પિટલે ફૂલ ટાઇમ ડોક્ટર્સને કરેલ ચૂકવણીમાંથી T.D.S. પગાર તરીકે કલમ- 192 મુજબ કરેલ જ્યારે ઓનરરી ડોકટર્સને કન્સલ્ટન્ટ ફી ગણીને કલમ-194J મુજબના દરોથી કરી હતી. હોસ્પિટલની દલીલ એ હતી કે કન્સલ્ટન્ટ ડોકટર્સના સંદર્ભે ચાર્જ કરેલ પેશન્ટના બીલમાંથી અમૂક ટકાવારી સ્વયંના વહીવટી સેટ અપ માટે રાખી હતી. વળી ડોકટર્સના એસેસમેન્ટ પણ પ્રોફેશનલ્સ/બિઝનેસ વોર્ડ અને PAN ઉપર થતાં હતા. વળી તેઓને હોસ્પિટલમાં હાજરીના કલાકો (hours of attendance) અથવા હોસ્પિટલના સર્વિસ નિયમોનું બંધન ન હતું. આવા ડોકટર્સને પ્રાઇવેટ પ્રેકટીસ કરવાની સ્વતંત્રતા હતી. અને અન્ય મેડિકલ સંસ્થાઓ અને હોસ્પિટલમાં પણ આ રીતે વિઝિટ કરવાની છૂટ હતી અને અન્ય હોસ્પિટલમાંથી કન્સલ્ટીંગ ફી મેળવતા હતા, જે T.D.S હયાત પરથી સ્પસ્ટ થાય છે. કરદાતાની મુખ્ય દલીલ એ હતી કે આવા વિઝીટીંગ ડોકટર્સ ઉપર કર્મચારી તરીકે હોસ્પિટલનો અંકુશ (supervisor) હતો? તેઓની માસ્ટર રોલમાં હાજરી પૂરાતી હતી ? તેઓના P.F., E.S.I. કપાઇ છે? જો આ તમામ પ્રશ્નોના ઉત્તર '' ના ''માં હોય તો તેઓને કર્મચારી ગણી શકાય નહિ.

કમિશ્નર (અપીલ) કરદાતા-હોસ્પિટલ તરફે ચૂકાદો આપીને કરાવ્યુ કે તેઓના પેમેન્ટમાંથી કલમ- 194J હેઠળની ચૂકવણી યોગ્ય છે.

**ટ્રીબ્યુનલ - સમક્ષ**

રેવન્યુએ કમિશ્નરના આદેશને ટ્રીબ્યુનલમાં પડકાર્યો જે સામે ટ્રીબ્યુનલે કમિશ્નર (અપીલ)ના ઓર્ડરને માન્ય રાખતા નોંધ્યુ કે હોસ્પિટલનો ઈરાદો ડોકટર્સને કન્સલ્ટન્ટ તરીકે રાખવાનો છે અને નહિ કે કર્મચારી તરીકે ટ્રીબ્યુનલે મુંબઇ હાઇકોર્ટના સી.આઇ.ટી.વિ. ગ્રાન્ટ મેડિકલ ફાઉન્ડેશનનો આધાર લઈને કરદાતા હોસ્પિટલ તરફે ચૂકાદો આપ્યો.

**બન્ને T.D.S. કલમો**

કલમ - 192 મુજબ પગાર ચૂકવણીની રીતે જે તે સ્લેબ મુજબ પગાર ચૂરવણી ઉપર અંદાજિત ટેક્ષ ગણીને દર મહિને ટેક્ષ કાપીને ટેક્ષ ડિડકશન સર્ટીફિકેટ ફોર્મનં. 16 આપીને ગણવાનું છે જે મુજબ ડોકટર્સ પણ પોતાનું રીટર્ન સેલરી - મુજબ ભરી શકે છે જ્યારે કલમ - 194J મુજબ પ્રોફેશનલ સર્વિસ અંગનું કન્સલ્ટેશન બીલ મુજબ 10% TDS કાપવાનો હોય છે. સુપ્રિમ કોર્ટ વર્કમેન ઓફ નીલગીરીના કેઈસમાં જણાવ્યુ તેમ દરેક કેઈસની હકિકત જોઈને નિર્ણય લેવાનો છે.

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૦૫૦૦ |
| તેજાબી સોનું | ૧૫૦૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૯૭૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૭૪૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૦૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૨૦૦ |

# સોના-ચાંદીમાં ચમક: ETFમાં 3% સુધીનો ઉછાળો

**અમેરિકાના** નબળા લેબર ડેટાથી રોકાણકારો ખુશ સોના કરતાં ચાંદી વધુ ઝડપી દોડી

નવી દિલ્હી, તા. 3: યુએસ લેબર માર્કેટ પરના ડેટા અપેક્ષા કરતા નબળા રહ્યા હતા, જેથી એવી આશા મજબૂત થઇ છે કે ફેડરલ રિઝર્વ વ્યાજદરો પર નરમ વલણ અપનાવી શકે છે. જેની અસર સોના-ચાંદી બજારમાં જોવા મળી હતી. ભારતમાં સોના અને ચાંદીના ઇટીએફમાં 2થી 3 ટકા સુધીનો ઉછાળો જોવાયો હતો.

યુએસ નોન-ફાર્મ પેરોલ્સ અને ખાનગી પેરોલ્સ માટેના ડેટા અપેક્ષા કરતા નબળા રહ્યા હતા, સતત ફુગાવા અને લાંબા સમય સુધી ઊંચા વ્યાજ દરની સંભાવના વિશેની ચિંતાઓને હળવી કરી હતી, જેનાથી સોના અને ચાંદીને ફાયદો થયો હતો.

નિપ્પોન ઇન્ડિયા ઇટીએફ ગોલ્ડ બીઇએસ આજે કારોબારમાં 2.4 ટકા વધીને 120.51 રૂપિયા અને આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ગોલ્ડ ઇટીએફ 2.4 ટકા વધીને 124.90 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે. એસબીઆઇ ગોલ્ડ ઇટીએફ ૨.3 ટકા વધીને રૂ. 124.25 અને ટાટા ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ 2.3 ટકા વધીને રૂ. 14.14 પર બંધ રહ્યો હતો.

આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીના ભાવમાં તીવ્ર વધારાને કારણે સિલ્વર ઇટીએફ ગોલ્ડ ઇટીએફ કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો. નિપ્પોન ઇન્ડિયા સિલ્વર બીસ 2.6 ટકા વધીને 221.95 રૂપિયા, ટાટા સિલ્વર એક્સચેન્જ ટ્રેડેડ ફંડ 2.6 ટકા વધીને 22.55 રૂપિયા, એસબીઆઇ સિલ્વર ઇટીએફ 2.5 ટકા વધીને 227.28 રૂપિયા અને આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ સિલ્વર ઇટીએફ 2.4 ટકા વધીને 231.28 રૂપિયા પર બંધ રહ્યો છે.

વૈશ્વિક બજારમાં બુલિયનના ભાવમાં વધારા બાદ ભારતીય બજારમાં આ તેજી જોવા મળી છે. સ્પોટ ગોલ્ડ આજે 1 ટકા વધીને 4165.29 ડોલર પ્રતિ ઔંસ થયો હતો, જે અગાઉના સત્રમાં 23 જૂન પછીના સૌથી ઊંચા સ્તરની તુલનામાં હતો.

ઓગસ્ટ ડિલિવરી માટે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ 1.3 ટકા વધીને 4178.50 ડોલર પર બંધ રહ્યો હતો. ગોલ્ડ-સિલ્વર તેના પ્રથમ સાપ્તાહિક વધારા તરફ આગળ વધી રહ્યું છે. આ અઠવાડિયે તેમાં લગભગ 1.8 ટકાનો વધારો થયો છે.

ચાંદીના ભાવમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. તેની ચાંદી સ્પોટ 2.1 ટકા વધીને 62.28 ડોલર પ્રતિ ઔંસ થઇ છે. અન્ય કિંમતી ધાતુઓમાં, પ્લેટિનમની કિંમત 2.4 ટકા વધીને 1,655.15 ડોલર થઇ છે. જ્યારે પેલેડિયમ 0.9 ટકા વધીને 1278.89 ડોલર પર બંધ રહ્યો હતો.

# વૈશ્વિક સંકેતોથી સોના-ચાંદીમાં જોરદાર ઉછાળો

મુંબઈ, તા. 3: વૈશ્વિક બજારોમાં મજબૂતીના સંકેત અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો ન થવાની આશા પાછળ સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઉછાળો નોંધાયો છે. અમેરિકામાં અપેક્ષા કરતાં નબળા રોજગાર ડેટાને કારણે ફેડ પર વ્યાજદર વધારવાનું દબાણ ઓછું થયું છે, જેનો સીધો ફાયદો કિંમતી ધાતુઓને મળ્યો છે. આ સાથે ડોલર ઇન્ડેક્સમાં અડધા ટકાનો ઘટાડો થતાં વૈશ્વિક ખરીદદારો માટે સોનું વધુ આકર્ષક બન્યું છે. શુક્રવારે ૩ જુલાઈના રોજ, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોના-ચાંદીના ભાવમાં ૨% સુધીની તેજી જોવા મળી હતી. MCX ગોલ્ડ ઓગસ્ટ ફ્યુચર્સ ૧.૩૬% વધીને રૂ. ૧,૪૭,૭૪૪ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે પહોંચ્યું હતું, જ્યારે હાજરમાં તે ૨.૩૩% વધીને રૂ. ૧,૪''૫,૭૮૯ થયું હતું. પાંચ અઠવાડિયાના દબાણ બાદ સોનું હવે મજબૂત સાપ્તાહિક વધારા તરફ આગળ વધી રહ્યું છે.

બીજી તરફ, ઔદ્યોગિક માંગ અને રોકાણકારોની આક્રમક ખરીદીને કારણે ચાંદીમાં પણ જોરદાર ચમક જોવા મળી છે. MCX સિલ્વર સપ્ટેમ્બર કોન્ટ્રાક્ટ ૧.૭૭% વધીને રૂ. ૨,૩૭,૪૩૪ પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ચાંદી હાજરમાં રૂ. ૫,૧૦૪ ના ધરખમ ઉછાળા સાથે રૂ. ૨,૩૩,૭૦૧ પર પહોંચી ગઈ છે. બજારના વિશ્લેષકોના મતે, આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોનું સાપ્તાહિક ધોરણે ૧% થી વધુ મજબૂત થતાં સ્થાનિક બજારમાં પણ આ સેન્ટિમેન્ટ હજી લાંબુ ચાલી શકે છે.

## સર્વિસ સેક્ટરને બ્રેક: જૂનમાં ગ્રોથ 17 મહિનાના તળિયે

નવી દિલ્હી, તા. 3: ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા સર્વિસ સેક્ટરની ગતિ જૂન 2026માં ધીમી પડી છે. નબળી સ્થાનિક માંગ અને ગ્રાહકોના હિતમાં ઘટાડાને કારણે જૂનમાં ભારતનો સર્વિસ સેક્ટરનો ગ્રોથ 17 મહિનાના તળિયે આવી ગયો છે. એચએસબીસીના તાજેતરના સર્વેક્ષણ મુજબ, પડકારજનક બજારની પરિસ્થિતિઓએ માત્ર નવા વેચાણ અને ઉત્પાદન પર બ્રેક લગાવી નથી, પરંતુ કંપનીઓનો વ્યવસાયિક વિશ્વાસ પાંચ મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો છે અને નવા ભાડે લેવા માટે અસ્થાયી અટકી ગયા છે.

એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ જૂનમાં ઘટીને 57.4 થયો હતો, જે મે મહિનામાં 59.8 હતો. જો કે, આ આંકડો હજી પણ 50.0ની તટસ્થ રેન્જથી ઉપર છે, જે વૃદ્ધિ દર્શાવે છે, પરંતુ તે છેલ્લા 17 મહિનામાં સૌથી નબળો વધારો છે.

એચએસબીસીના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજલ ભંડારીના જણાવ્યા અનુસાર, આ મંદીનું મુખ્ય કારણ બજારની પરિસ્થિતિઓ અને ઘરેલું નબળી માંગ છે. આ કારણે છેલ્લા અઢી વર્ષમાં નવા ઓર્ડરની ગતિ સૌથી ધીમી નોંધાઇ છે.

# સરકારી ટેન્ડરોમાં ચીની કંપનીઓની એન્ટ્રીથી પાવર શેરોમાં કડાકો

**ચીની** પાવર ઇક્વિપમેન્ટ ઉત્પાદક કંપનીઓને છૂટ અપાતા સી જી પાવર, હિટાચી એનર્જી સહિતના શેરો 8 ટકા સુધી તૂટ્યા

મુંબઈ, તા. 3: ભારત સરકારે દેશમાં ફેક્ટરીઓ ધરાવતી ચાર ચીની પાવર ઇક્વિપમેન્ટ ઉત્પાદક કંપનીઓને મહત્વપૂર્ણ પાવર પ્રોજેક્ટ્સના સરકારી ટેન્ડરોમાં ભાગ લેવાની મંજૂરી આપી છે. નાણાં મંત્રાલયના ૨૪ જૂનના આ આદેશની અસર શુક્રવારે ૩ જુલાઈના રોજ શેરબજાર પર જોવા મળી હતી. ચીની કંપનીઓના આગમનથી બજારમાં સ્પર્ધા વધવાની ચિંતા વચ્ચે સી જી પાવર, હિટાચી એનર્જી અને અન્ય સંબંધિત કંપનીઓના શેર ૮% થી ૧૦% સુધી તૂટ્યા હતા.

આ નવી મુક્તિ હેઠળ TBEA એનર્જી, નાનજિંગ ઈલેક્ટ્રિક, ન્યૂ નોર્થઈસ્ટ ઈલેક્ટ્રિક અને તાઈકાઈ ઈલેક્ટ્રિક જેવી ચીની કંપનીઓ હવે આગામી બે વર્ષ સુધી સરકારી પ્રોજેક્ટ્સ માટે બોલી લગાવી શકશે. ૨૦૨૦ના સરહદી તણાવ બાદ આ કંપનીઓ પર કડક પ્રતિબંધો હતા, પરંતુ દેશમાં વધતી વીજળીની માંગ અને ટ્રાન્સમિશન નેટવર્કના વિસ્તરણને વેગ આપવા માટે પાવર મંત્રાલયની ભલામણ પર આ નિર્ણય લેવાયો છે.

આ સમાચાર આવતા જ બજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. મિડકેપ શેરોમાં હિટાચી એનર્જીનો શેર ૮.૦૮% ઘટીને રૂ. ૩૧,૦૪૫ અને સી જી પાવર ૭% તૂટીને રૂ. ૮૯૨.૫૫ પર બંધ રહ્યો હતો. જ્યારે GE વર્નોવા T|D ૮.૭૩% ના ઘટાડા સાથે સૌથી મોટો મિડકેપ લુઝર બન્યો હતો. આ સિવાય થર્મેક્સ, BHEL અને સ્મોલકેપ કંપનીઓ જેવી કે ટી ડી પાવર સિસ્ટમના શેરોમાં પણ ૭% સુધીનો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે નિફ્ટી એનર્જી ઈન્ડેક્સ ૧.૩૩% ગગડ્યો હતો.

# દેશમાં 30 લાખ PF ખાતાઓમાં ૯૩ અબજ રૂપિયા દાવા વિના પડ્યા છે!

**આ** રકમ એટલી મોટી છે કે તેમાંથી ત્રણ નવી IIT સંસ્થાઓ બનાવી શકાય!

નવી દિલ્હી, તા. ૩: કેન્દ્ર સરકારે કર્મચારી ભવિષ્ય નિધિ(EPF) યોજના, 2026ની અધિસૂચના જાહેર કરીને પ્રોવિડન્ટ ફંડના સબ્સ્ક્રાઇબર્સ માટે એક નવા યુગની શરૂઆત કરી છે. જો કે, બીજી તરફ એક મીડિયા ગૃહ દ્વારા મેળવવામાં આવેલી એક આરટીઆઈ માહિતીમાં ખુલાસો થયો છે કે દેશભરમાં 30.91 લાખ નિષ્ક્રિય EPF ખાતાઓમાં 9,330 કરોડ રૂ.થી વધુની રકમ પડી રહી છે.

હાલમાં સુધારાઓ સાથે નવી ઈપીએફ યોજના શરૂ કરાઇ છે ત્યારે આ સુધારાઓની પૃષ્ઠભૂમિ વચ્ચે, આરટીઆઈનો આ જવાબ કામદારોની નિવૃત્તિ બચતનો કેટલો મોટો હિસ્સો હજી પણ દાવા વિનાનો પડ્યો છે તેનો એક ચિતાર આપે છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન(EPFO) ના જણાવ્યા અનુસાર, 31 માર્ચ, 2026 સુધીમાં, દેશમાં 30,91,862 ઈનઓપરેટિવ EPF ખાતાઓ હતા, જેમાં આશરે 9,330 કરોડની દાવા વિનાની રકમ જમા હતી. તાજેતરના આરટીઆઈના આંકડા અગાઉના નાણાકીય વર્ષની સરખામણીમાં માત્ર થોડો જ સુધારો દર્શાવે છે. 31 માર્ચ, 2025 ના રોજ ઈનઓપરેટિવ EPF ખાતાઓની સંખ્યા 31.83 લાખ હતી, જે એક વર્ષ બાદ ઘટીને 30.91 લાખ થઈ હતી જ્યારે આ ખાતાઓમાં જમા દાવા વિનાની રકમ 10,181 કરોડથી ઘટીને 9,330 કરોડ થઈ હતી.


## -: અધિસૂચના :-

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯**
**નિયમ-૨૬(૧) અને ૨૬(૩)ની જોગવાઈ હેઠળ**
**(નમૂના-"ઝ" મુજબ)**
**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૬(વેડછા-નિયોલ)**

હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, નગર રચના યોજના એકમ-૧, સુરત આથી તમામ હિત ધરાવતી અને સબંધિત વ્યક્તિઓને જાણ કરૂ છું કે,નગર રચના યોજના નં.૮૬(વેડછા-નિયોલ)ને ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૭/૦૬/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૬ નો ૧૨૦/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૫/૮૧૨૬/Lથી મંજૂર કરેલ છે. મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૬(વેડછા-નિયોલ)ને અધિનિયમની જોગવાઈ અનુસાર આખરી કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૭/૦૬/૨૦૨૬ ના અધિસુચના ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૬ નો ૧૨૧/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૫/૮૧૨૬/L થી પ્રવર નગર નિયોજકશ્રી, નગર રચના યોજના એકમ-૧, સુરતની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણૂક કરવામાં આવેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારના તા.૧૭/૦૬/૨૦૨૬ના એક્સ્ટ્રા ઓર્ડિનરી રાજ્યપત્રના Vol.LXVII] પાર્ટ-IV-બી ના પાના નં.૧૫૭-૧ ઉપર થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) થી ઠરાવ્યા મુજબ, હું આથી એવી નોટીસ આપું છું કે, **મેં તા.૦૨/૦૭/૨૦૨૬ને ગુરૂવાર**ના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી દીધેલ છે.

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૬(વેડછા-નિયોલ)વિગતો નીચે મુજબ છે.**

**ચર્તુસીમા:-**

**ઉત્તરે:-** મોજે: સણિયાહેમાદ ગામની હદ

**દક્ષિણે:-** સુચિત નગર રચના યોજના નં.૮૯(દખ્ખણવાડા-સેઢાવ)ની હદ

**પૂર્વે:-** મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૩(વેડછા-છેડછા-સાબરગામ-સણિયાહેમાદ) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૪(નિયોલ-સેઢાવ)

**પશ્ચિમે:-** મોજે: કુંભારીયા ગામની હદ તથા સુચિત નગર રચના યોજના નં.૮૭(દેવધ(નોર્થ))ની હદ

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૬(વેડછા-નિયોલ)માં સમાવિષ્ટ બ્લોક નંબરોની વિગત નીચે મુજબ છે.**

**મોજે:વેડછાના બ્લોક નં.**૧૦/એ, ૧૦/બી, ૧૦/સી, ૧૩/પૈકી, ૧૪/પૈકી૨/પૈકી, ૧૪/પૈકી/૧/૧/પૈકી,૧૪/પૈકી/૧/૨/પૈકી, ૧૬/પૈકી, ૧૭/એ, ૧૭/બી, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭/એ, ૩૭/બી, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮/પૈકી, ૪૯/પૈકી, ૫૬/પૈકી, ૫૮/એ/૧/પૈકી, ૫૮/એ/૨/પૈકી, ૫૯/પૈકી૧, ૫૯/૨/એ, ૫૯/૨/બી, ૬૦/એ/૧, ૬૦/પૈકી/૨/૧, ૬૦/પૈકી/૨/૨, ૬૦/પૈકી/૨/૩, ૬૦/પૈકી/૨/૪, ૬૦/પૈકી/૨/૫, ૬૦/પૈકી/૨/૬, ૬૦/પૈકી/૨/૭, ૬૦/પૈકી/૨/૮, ૬૦/પૈકી/૨/૯, ૬૦/પૈકી/૨/૧૦, ૬૦/પૈકી/૨/૧૧, ૬૦/પૈકી/૨/૧૨/પૈકી, ૬૧/એ, ૬૧/બી/૧/૧, ૬૧/બી/૧/૨, ૬૨, ૬૩/એ, ૬૩/બી, ૬૩/સી, ૬૪, ૬૫/એ, ૬૬/એ, ૬૭/પૈકી ૧, ૬૭/પૈકી ૨, ૬૭/પૈકી ૩, ૬૭/પૈકી૪/એ, ૬૭/પૈકી૪/બી, ૬૭/પૈકી૫, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨/એ, ૭૨/બી, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯,૮૦, ૮૧, ૮૨/એ/૧/એ, ૮૨/એ/૧/બી, ૮૨/એ/૧/સી, ૮૩/સી/૧, ૮૮/એ/૧/પૈકી, ૮૯/એ, ૮૯/બી, ૮૯/સી,૮૯/ડી/૧/૧, ૯૦, ૯૧, ૯૨/પૈકી ૧, ૯૨/પૈકી૨, ૯૩, ૯૪/એ, ૯૪/બી, ૯૪/સી, ૯૫, ૯૬/પૈકી ૧/પૈકી, ૯૬/પૈકી ૨/પૈકી, ૯૭, ૯૮ પૈકી૧/પૈકી, ૯૮/બી/૨/૧/પૈકી, ૯૮/બી/૩/૧/પૈકી, ૯૮/બી/૪/૧/પૈકી, રસ્તા, રેલ્વે, કેનાલ વાળી જમીનનો સમાવેશ થાય છે.

**મોજે:નિયોલના બ્લોક નં.**૩૨૮/પૈકી, ૩૩૦/પૈકી, ૩૩૧, ૩૩૨/એ/૧, ૩૩૩/એ/૧, ૩૩૩/સી/૧, ૩૩૪/એ/૧/૧, ૩૩૪/બી/૧/૧, ૩૩૫/એ/૧, ૩૩૫/સી/૧, ૩૩૬, ૩૩૭/પૈકી, ૩૩૯/પૈકી, ૩૪૮/પૈકી, ૩૪૯/પૈકી, ૩૫૦/એ/૧, ૩૫૦/સી/૧, ૩૫૧/એ/૧, ૩૫૨/એ/૧, ૩૫૨/સી/૧, ૩૫૩, ૩૫૪/એ, ૩૫૫/એ/૧, ૩૫૫/સી/૧, ૩૫૬/સી/૧/પૈકી, ૩૫૬/એ/૧, રસ્તા, રેલ્વે, કેનાલ વાળી જમીનનો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ કરેલ નિયમોના નિયમ-૨૬(૩)થી ઠરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરૂ છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારના રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૨૦(વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા ૭/૧૨, હિસ્સા-માપણી શીટો અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં જણાવવા. તદુઉપરાંત ઉપરની નગર રચના યોજનાની પ્રતિકૂળ અસર થયેલ કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકસાનીનો દાવો કરવા હક્કદાર છે. અને તેમણે તેના દાવાની વિગતો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની ત્રણ મહીનાની અંદર જરૂરી દસ્તાવેજો અને જરૂરી પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ લેખિતમાં રજૂ કરવા.

નામ.સરકારશ્રીએ મંજૂર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૬(વેડછા-નિયોલ)ના મુસદ્દાની નકલ, તમામ જરૂરી દસ્તાવેજો પત્રકો, પ્લાનો, ફોર્મ-એફ જોવા માટે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નીચે જણાવ્યા મુજબના સરનામે નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લા રાખવામાં આવશે અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના અધિકારીની દરખાસ્તોથી અસર પામેલી કોઈપણ વ્યક્તિને ઉપરોક્ત કચેરીમાં યોજનાની દરખાસ્તો જોવા તથા સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

**સ્થળ:સુરત**
**તા:૦૨/૦૭/૨૦૨૬**
**કચેરીનું સરનામું :-**
**સુરત નગર રચના યોજના એકમ-૧,**
**નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક,**
**પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,**
**વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.**
**Email:stp-tpo1-srt@gujarat.gov.in**

**(સહી/-)**
**(કે.આર.સુમરા)**
**નગર રચના અધિકારી અને**
**પ્રવર નગર નિયોજક,**
**સુરત નગર રચના યોજના એકમ-૧**
**સુરત.**

**ક્રમાંક : માહિતી-સૂરત/૩૩૫/૨૦૨૬**